R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 05 DATE: 02-02-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઇન્ડોનેશીયામાં ખ્રિસ્તીઓના અધિકારોનું હનન થઇ રહ્યું છે

ગત વર્ષે ઈન્ડોનેશીયામાં ધાર્મિક સ્વાતંત્રતાના ભંગ માટે ૫૦ જેટલા કેસો બન્યા છે.અને હજુ તે વધતા રહ્યા છે જે ચિંતાજનક બાબત છે.ઈન્ડોનેશીયામાં વસતા ખ્રિસ્તી ધર્મ પાળતા લોકો,મુસ્લીમ સંપ્રદાયના લોકો તરફથી હિંસા,અને સતાવણીનો ભોગ બની રહ્યા છે. ૨૦૧૨માં ખ્રિસ્તીઓ વિરુધ્ધ બનેલી ઘટનાઓ બાબતે ચિંતા વ્યક્ત કરતાં બોનાર ટીગોર નૈપોસ્પોસ,ડેપ્યુટી ચેરમેન, જકાર્તા સ્થિત સેતારા ઈન્સ્ટીટ્યુટ ફોર ડેમોક્રેસી એન્ડ પીસ દ્વારા સ્ટાર ન્યુઝને જણાવાયું હતું.

ધાર્મિક સ્વાતંત્રતા હનન ના ૨૬૪ કેસો પૈકી ૫૦ કેસોમાં માત્ર ખ્રિસ્તીઓને જ૨૦૧૨ના વર્ષમાં નિશાન બનાવાયા હતા.૨૦૧૧ માં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ૫૪ કેસો બન્યા હતા.જયારે ૨૦૧૦ની સાલમાં ૭૫ કેસો બન્યા હતા.૨૦૧૨માં ધાર્મિક લઘુમતીઓ વિરુધ્ધ ૩૭૧ કેસો બન્યા હતા.છેલ્લા બનાવો મુજબ ચર્ચમાં જતા ખ્રિસ્તીઓ પર સડેલા ઈંડા ફેકવામાં આવ્યા હતા.જેઓ બેકાસી ખાતે નાતાલની સંધ્યાને પ્રેયર મીટીંગમાં ભાગ લેવા જતા હતા.સ્ટાર ન્યુઝના જણાવ્યા પ્રમાણે એચકેબીપી અને મુસ્લીમ સંપ્રદાયના લોકો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે.મુસ્લીમો ચર્ચનો વિરોધ કરી રહ્યા છે.બેકાસી વહીવટકર્તાઓ દ્વારા આ ચર્ચ બિલ્ડીંગને ૨૦૦૯ના વર્ષમાં બંધ કરવામાં આવ્યું હતું.જો કે ત્યાંની સુપ્રીમ કોર્ટે ચર્ચની તરફેણમાં ચુકાદો આપ્યો હોવા છતાં સ્થાનિક વહીવટીતંત્રએ ચર્ચને બંધ રાખ્યું છે.આ ચર્ચ ઉપર ભુતકાળમાં ઘણી વખત હુમલાઓ કરવામાં આવ્યા હતા.

જેથી આ બે ચર્ચના સભ્યો દ્વારા નાતાલના દિવસે પ્રેસિડેન્ટ પેલેસ,જકાર્તા સામે પ્રેયર મીટીંગ યોજવામાં આવી હતી. જે તેમના ચર્ચને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યું હતું તેના વિરોધમાં તેમણે આ મીટીંગ કરી હતી.સ્ટાર ન્યુઝના જણાવ્યા પ્રમાણે ઈન્ડોનેશીયા ઉલેમા કાઉન્સીલે સરકારના તમામ પ્રતિનિધિઓને માટે ફતવો જાહેર કર્યો હતો કે કોઈપણ મુસ્લીમે ખ્રિસ્તીઓને નાતાલની મુબારકબાદી આપવી નહી.તેઓએ ઈન્ડોનેશીયાના પ્રેસિડેન્ટને પણ નાતાલ ઉજવણીમાંથી બાકાત રહેવા જણાવ્યું હતું.

## આફ્રિકાના દેશોમાં ખ્રિસ્તીઓ પર હુમલા કરવામાં માલી પ્રથમ સ્થાને છે

વર્લ્ડ વોચ લિસ્ટ,ઓપન ડોર દ્વારા જારી કરવામાં આવ્યું તેમાં આફ્રિકાના દેશોમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ સતાવણીનું પ્રમાણ વધી ગયું છે.પ્રથમ વાર માલીએ ખ્રિસ્તીઓના વિશ્વાસ સામે ચાલી રહેલ સતાવણી કરવામાં અગ્રસ્થાને પહોચ્યું છે.જે દેશોમાં સતાવણી કરવામાં આવી રહી છે તે પૈકી ટાન્ઝાનીયા,કેન્યા, યુગાન્ડા, નાઈજીરીયા વર્લ્ડ વોચ લીસ્ટમાં અગ્ર સ્થાને હતા.ઓપન ડોરના જણાવ્યા પ્રમાણે કટ્ટરવાદીઓએ આફ્રિકન દેશોમાં પોતાની વગ વધારી દીધી છે.નાઈજીરીયાના કેટલાક ભાગોમાં બોકો હરામ,દ્વારા ખ્રિસ્તીઓ પર હુમલા કરાતા રહ્યા છે. પરંતુ માલી સાતમા સ્થાને હતું તે એકાએક પ્રથમ સ્થાને આવી ગયું છે.ઓપન ડોર યુકેના ચીફ એક્ઝીક્યુટીવ ઈડી લાયલના જણાવ્યા પ્રમાણે માલીનો કટ્ટરવાદીઓ મોડલ તરીકે ઉપયોગ કરવા માંગે છે.પરિસ્થિતિ તંગ છે.પરંતુ આ વિસ્તારના ખ્રિસ્તીઓ સજાગ બન્યા છે.પરંતુ નોર્થન રાજ્યોમાં તેઓ તેમનું અસ્તિત્વ જાળવી શકશે કે કેમ એ એક પ્રશ્ન છે.નોર્થ કોરીયામાં કોમ્યુનીસ્ટ પાર્ટી દ્વારા જે ખ્રિસ્તીઓ બાયબલ રાખે છે તેઓને પણ જેલમાં ધકેલી દેવામાં આવે છે.સતાવણીના મામલે સીરીયા ૧૧માં ક્રમે આવે છે.ઓપન ડોર દ્વારા ચેતવણી જારી કરવામાં આવી છે કે તેઓ ચોતરફથી ઘેરાયેલા છે.જેમાં જેહાદીઓએ સીરીયામાં પ્રવેશ કરી લીધો છે.અને તેમની પાસે ખ્રિસ્તીઓ વિરુધ્ધનો એજન્ડા છે.જેથી એવું માની શકાય કે સીરીયામાં ખ્રિસ્તીઓનું રહેવું તકલીફો ભરેલું હશે.છેલ્લા માસ સુધીમાં હજારો ખ્રિસ્તીઓ સીરીયામાંથી ભાગી છુટ્યા છે.ચીનની પરિસ્થિતમાં કંઈક સુધાર જણાયો છે પરંતુ હજુ સુધી હજારો ખ્રિસ્તીઓ જેલમાં બંધ છે. મીડલ ઈસ્ટ અને નોર્થ આફ્રિકામાં કટ્ટરવાદીઓને કારણે ચર્ચને મુશ્કેલીઓ ભોગવવી પડશે.

## ભારતમાં રબરની ખેતીના પ્રણેતાના માનમાં મેમોરીયલ બનશે



ભારતમાં પ્રથમવાર રબરની ખેતીમાં પ્રયોગ કરનાર આઈરીશ મિશનરી જોન જોસેફ મરફીના માનમાં મેમોરીયલની સ્થાપના કરવામાં આવશે.તેઓ તેમની યુવાવસ્થામાં જ ભારત આવ્યા હતા અને થાતેક્કડ જે કોથામંગલમ,કેરાલાની પાસે આવેલું છે ત્યાં વ્યાપારી ધોરણે રબરની ખેતી ૧૯૦૨માં શરુ કરી હતી.રબર બોર્ડ આયરીશ મીશનરી જેજે મરફીના માનમાં મેમોરીયલ બનાવશે.તેમણે રબરની ખેતીને ભારતમાં પ્રસિધ્ધિ આપી.આ મેમોરીયલ યેન્ડાયર ગામ જે મુનડાક્કયમ,કોટ્ટાયમ જીલ્લામાં આવેલુ છે ત્યાં ૧૯૫૭માં મરફીને દફનાવવામાં આવ્યા હતા,ત્યાં બનશે.મેમોરીયલ બનાવવા માટે રબર બોર્ડ દ્વારા સોંટ જોસેફ ચર્ચ,હેમલેટ ખાતે આવેલું છે તેની પાસેથી ૨.૫ સેન્ટ જમીન જે કબ્રસ્તાનની છે તેને લીઝ પર લેશે.ચર્ચ મેનેજમેન્ટે આ અંગેના જરુરી દસ્તાવેજ રબર બોર્ડના ચેરપર્સન શીલા થોમસને સુપ્રત કર્યા હતા.

રબરની માંગ બીજા વિશ્વયુધ્ધ વખતે વધી હતી.તેથી રબરનું વ્યવસાયિક ધોરણ ઉત્પાદન શક્ય બન્યું હતું.કેરાલા દેશમાં સહુથી વધુ રબરનું ઉત્પાદન કરતું રાજ્ય છે.જે.થોમસના જણાવ્યા પ્રમાણે મરફીના નામ પર સ્કુલો,ક્લબો

અનું. પાન નં. ૨ ઉપર

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

## બરાક ઓબામાએ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા



યુએસ પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ સત્તાવાર રીતે અમેરિકાના પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કર્યા.શપથ ગ્રહણ કરતી વેળાએ તેમણે બે બાયબલનો ઉપયોગ કર્યો હતો.જે પૈકી એક અબ્રાહમ લિંકનનું બાયબલ હતું અને બીજુ બાયબલ માર્ટિન લ્યુથર કિંગનું હતું. કીંગ્સનું ટ્રાવેલીંગ બાયબલ તેમના કુટુંબ દ્વારા આપવામાં આવ્યું હતું. જ્યારે લિંકનનું બાયબલ લાયબ્રેરી ઓફ કોગ્રેસમાંથી લાવવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ ૧૬માં પ્રમુખની શપથવિધિ માર્ચ ૪,૧૮૬૧માં કરવામાં આવ્યો હતો.ઓબામાએ લિંકનના બાયબલનો ઉપયોગ ૨૦૦૯માં તેમની અમેરીકાના પ્રમુખ તરીકે થયેલ શપથવિધિમાં પણ કર્યો હતો.

પ્રેસિડેન્ટ ઓબામાને આ બાયબલનો શપથવિધિમાં ઉપયોગ કરવાનું બહુમાન મળ્યું છે તેવું સ્ટીવ કેરીગન,પ્રેસિડેન્ટ અને સીઈઓ,શપથવિધિ કમિટી તરફથી જણાવાયું હતું.આ બાયબલ એક પ્રકારની મહાનતા દર્શાવે છે તેમજ અમેરીકાની એક મહાન બાબતને ઉજાગર કરે છે.માર્ટિન લ્યુથર કિંગ ત્રીજાએ જણાવ્યું હતું કે મને ગર્વ થાય છે કે મારા પિતાનું બાયબલ ઓબામાની શપથવિધિમાં સામેલ થશે.હજારો લોકો ડો.માર્ટિન લ્યુથર કિંગ જુ.ના નેશનલ મોલ ખાતે સમાનતા અને ન્યાયની લડતમાં ૫૦ વર્ષો પહેલા જોડાયા હતા.અને મને આનંદ થશે જ્યારે હજારો લોકો પ્રેસિડેન્ટ ઓબામાની બીજી વખત સત્તા સંભાળવાની કામગીરીમાં સામેલ થશે.જો કે તેમની બીજી ટર્મ ૨૦ જાન્યુ.ના રોજ શરુ થઈ હતી.વાઈટ હાઉસ ખાતે ખાનગી શપથવિધિ કરવામાં આવી હતી.આ વખતે તેમણે તેમની પત્ની અને અમેરિકાની પ્રથમ મહિલા મિશેલ ઓબામાના બાયબલનો ઉપયોગ કર્યો હતો.

ધ રોબિન્સન ફેમીલી બાયબલ એ અમેરિકાની પ્રથમ મહિલાના પિતા ફ્રેઝર રોબિન્સન તરફથી તેમની માતાને મધરર્સ ડે ૧૯૫૮માં ભેટમાં અપાયેલ બાયબલ છે.શ્રીમતી રોબિન્સન પ્રથમ આફ્રિકન-અમેરિકન મહિલા હતા જેઓ મુડી બાયબલ ઈન્સ્ટીટ્યુટ બુકસ્ટોર્સમાં મેનેજર તરીકે કાર્ય કરતા હતા. શપથવિધિ કમિટિના જણાવ્યા પ્રમાણે ડો.કીગ બાયબલએ ડો.કીંગનું ટ્રાવેલીંગ બાયબલ હતું.તેઓ જ્યારે સફર કરતાં ત્યારે અમુક પુસ્તકો તેમની સાથે રાખતાં જેમાં આ બાયબલનો સમાવેશ થાય છે જે ઓબામા તેમની શપથવિધિમાં સામેલ કર્યુ હતું.જ્યારે લિંકનનું બાયબલએ લાયબ્રેરી ઓફ કોગ્રેસના એક કલેકશનો ભાગ છે.તેને વિલિયમ થોમાસ કેરોલ દ્વારા ખરીદવામાં આવ્યું હતું.જ્યારે તેઓ સુપ્રીમ કોર્ટના ક્લાર્ક હતા.અને માર્ચ ૬,૧૮૬૧માં આ બાયબલનો ઉપયોગ લિંકનની શપથવિધિમાં કરાયો હતો.

શપથવિધિ કમિટીના જણાવ્યા પ્રમાણે બંધારણીય રીતે શપથવિધિમાં બાયબલની જરુરીયાત નથી.પરંતુ પ્રમુખો પરંપરાગતરીતે શપથવિધિમાં બાયબલનો ઉપયોગ કરે છે.અને તેમાંથી કેટલાક ભાગનું વાંચન પણ કરે છે.પ્રમુખ ઓબામાએ પ્રથમ પ્રમુખ છે જેમણે લિંકનના બાયબલનો શપથવિધિમાં ૨૦૦૯માં ઉપયોગ કર્યો હતો.અને ૨૦૧૨માં પણ આજ બાયબલનો શપથવિધિમાં ઓબામાએ ઉપયોગ કર્યો હતો.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

સમય અને સંજોગો ક્યારે કેવી કરવટ લેશે તે આપણે જાણતા નથી.છેલ્લા ૨૨ વર્ષોથી વધારે સમયથી અવિરત ચાલી રહેલ અમારી સામાજીક વૈચારીક જાગૃતિના કાર્યમાં એકાએક તકલીફ આવી.મને તાત્કાલિક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો અને તબીબોએ કોઈપણ પ્રકારનો શ્રમ નહી કરવાની સલાહ આપી.સતત કાર્ય કરતા રહેવાની ક્વાયત અટકી પડી.છતાં હાલમાં હુ આપને આ બાબતની જાણ કરવાની મારી ફરજ સમજુ છું. તબીબી તપાસમાં જાણવા મળ્યું છે કે મારા હૃદયના એક વાલમાં તકલીફ છે તેને કારણે મારે લાંબા સમય સુધી તેની કાળજી રાખવી પડશે,હાલમાં દવાઓ દ્વારા તે બાબતની સારવાર ચાલી રહી છે.અને જરુર પડશે તો તે માટે સર્જરી કરવામાં આવી શકે. તેથી તમારી અને મારી વચ્ચે અંતર રહેશે.પરંતુ જેમણે એટલે મારા શુભેચ્છકો અને મારા અતિ મુલ્ય વાચકો અને ગ્રાહકોને મારી નમ્ર વિનંતી છે કે તમારી વ્યકિતગત અને કૌટુંબિક પ્રાર્થનાઓમાં મારા માટે ઈશ્વર પાસે ખાસ વિનંતી કરવામાં આવે કે મને ઝડપથી તંદુરસ્તી પ્રાપ્ત થાય.જેથી આપણી સામાજીક વૈચારિક જાગૃતિની કામગીરી સતત વહેતી રહે.

આપણે જીવતા ઈશ્વરનુ ભજન કરીએ છીએ અને તેને કરેલી પ્રાર્થનાઓ દ્વારા આપણને સાજાપણું મળે છે.આપણે સહુ ભેગા મળીને ઈશ્વરને વિનંતી કરીએ કે તેઓ સાજાપણું આપે.આપ સહુ મારી વિનંતીને ધ્યાને લઈને મારા માટે ખાસ પ્રાર્થના કરશો એવી વિનંતી કરુ છું. આભાર સહ.

રોબિન ધોળકીયા

## વિનંતી



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦


અનુ. પાન નં.૧ નુ ચાલુ

વિગેરે પુષ્કળ રાજ્યમાં છે.પરંતુ પ્રથમવાર તેમના નામનું મેમોરીયલ બની રહ્યું છે.તવારીખ એવું કહે છે કે મરફી તેમની યુવાનીના દિવસોમાં ભારતમાં આવ્યા હતા અને તેમણે દેશમાં વ્યાપારી ધોરણે રબરની ખેતીનો પ્રયોગ કર્યો હતો.જ્યાં મેમોરીયલ બનાવવાનું છે તે કબ્રસ્તાનમાં મરફીની કબર અત્યારે જર્જજરીત બનેલી છે.શ્રી થોમસે પીટીઆઈને જણાવ્યા મુજબ અમોએ આજ જગ્યા પર મેમોરીયલ બનાવવાનું નક્કી કર્યું છે.સ્થાનિક લોકો અને રબરની ખેતી કરનારા માલિકો તરફથી આ પ્રોજેક્ટમાં રસ દાખવવામાં આવ્યો છે તેમજ પ્રોજેકટને સંપુર્ણ સહકાર આપવાની તૈયારી બતાવી છે.તેમણે કહ્યું હતું કે મરફીએ સહુ પ્રથમ મુનાર ખાતે પોતાનું કિસ્મત અજમાવવા પ્રયત્ન કર્યો હતો.તેમણે રબરની ઉદ્યોગોની જરુરીયાત ભવિષ્યમાં વધુ થશે એવી ખાત્રી હતી.તેમણે તેમનુ રોકાણ રબરની ખેતીમાં કર્યું તેટલું જ નહી પણ આ આઈરીશ મિશનરીએ રબરની ખેતીને પ્રોત્સાહન મળે માટે પણ ભરપુર પ્રયત્નો કર્યા હતા.તેમણે ભારતને આઝાદી મળી પછી પણ ભારતમાં રહેવાનું પસંદ કર્યુ હતું.કારણકે તેમને કેરાલાની ઠંડી આબોહવા અને પર્યાવરણ ગમી ગયું હતું.મરફીને સ્થાનિક લોકો સેઈપી તરીકે ઓળખતા હતા. તેઓનું અવસાન મે ૯,૧૯૫૭માં થયું ત્યારે તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરેલી કે તેમના અવસાન બાદ તેમને આ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવે જ્યાં તેમની સાથે રબરની ખેતીમાં કામ કરનારા અનેક લોકોને દફનાવવામાં આવ્યા છે.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

# વાઈબ્રન્ટ પછીનો કે તેના વિનાનો વિકાસ?

(ગાંધીનગરમાં યોજાયેલી ગુજરાત સમીટના સંદર્ભે આ લેખ ગુજરાતનો વિકાસ તથા રાજ્યની આર્થિક હાલત વિશે પ્રકાશ પાડે છે.ન.ક્રાં.ના સુજ્ઞ વાચકો સાચી પરિસ્થિતિથી વાકેફ રહે તો જવાબદાર નાગરિક તરીકેની ભુમિકા ભજવી શકે જે ઘણું જરુરી ગણાય - ફાધર વિલિયમ)

ભારતમાં લોકતંત્ર સ્થપાયું, ત્યારથી આજ સુધીમાં બહુ ઓછા વડાપ્રધાન કે મુ.પ્રધાનને પુરો દસકો સતત રાજ કરવાની તક જનતાએ આપી છે. ગુજરાતમાં આ બન્યું છે. પણ એની સાથે ગુજરાતમાં એક નવો અભિગમ આવ્યો છે. એ છે રાજ્યમાં દેશી અને વિદેશી મુડી રોકાણ આકર્ષવા 'વાઈબ્રન્ટ ગુજરાત', 'ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ' ના નામે યોજનાનો અમલ. ૨૦૧૨ સુધીમાં કુલ પાંચ 'સમીટ' યોજાઈ ગઈ.દસ વર્ષનું શાસન પણ ૨૦૧૨માં પુરુ થયું.પ્રથમ સમીટ ૨૦૦૩માં યોજાઈ હતી જ્યારે માત્ર ૬૬૦૬૮ કરોડના રોકાણના ૮૦ પ્રોજેક્ટ ગુજરાતમાં સ્થાપવાના ૭૬ સમજુતીપત્રક પર દસ્તખત થયા હતા.

આ પછી દર બે વરસે, ૨૦૦૫માં,૨૦૦૭માં,અને ૨૦૧૧માં એમ બીજી ચાર 'સમીટ' યોજાઈ ગઈ. આમ દસ વર્ષમાં ગુજરાતે અઢાર હજાર પ્રોજેક્ટમાં લગભગ ૪૦ લાખ કરોડ રૂપિયાના રોકાણના સમજુતીપત્રો પર સહી કરી. કેટલું વિશાળ રોકાણ ? કેવા સપના ? કેટલી રોજગારી ની આશા ? પણ અહીંથી આગળ ચાલ્યા તો પલકવારમાં ચિત્ર બદલાઈ ગયું. ખુદ રાજ્ય સરકારના આર્થિક સામાજિક સમીક્ષા ૨૦૧૧-૧૨ ના દસ્તાવેજ પ્રમાણે માંડ દસ ટકા પ્રોજેકટ, ચાળીસ લાખ કરોડમાંથી પાંચ વરસમાં પણ ત્રણ લાખ કરોડના પ્રોજેકટનો અમલ થઈ શકયો છે.બીજા જેનો ૨૦૧૧ના નવેમ્બર માસથી અમલ શરુ થયો છે અને આવતા સમયમાં પુરો થશે એવો વિશ્વાસ રાખીએ તો બીજા સત્તરસો પ્રોજેક્ટમાં સાડા સાત લાખ કરોડનું રોકાણ થશે. ક્યારે ? એને માટે રાહ જોવી પડશે.

પાંચ વાઈબ્રન્ટ સમીટોનો કરોડોનો ખર્ચ, રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ અને પટાવાળાથી માંડીને મુખ્ય સચિવ સુધીના કર્મચારીઓની દોડાદોડી પછી ચોખ્ખું પરિણામ કેવું ? વરસે સરેરાશ ૬૦,૦૦૦ હજાર કરોડ રૂપીયાનું રોકાણ અને તે પણ સરેરાશ નાના મોટા ૪૦૦ પ્રોજેક્ટમાં !

એક જાણીતા આર્થિક દૈનિકે સાત કંપનીઓના દોઢ લાખ કરોડના પ્રોજેક્ટનો તો ક્યાંય પત્તો નથી એમ જણાવી કંપની નામ અને રોકાણના આંકડા પ્રસિધ્ધ કર્યા છે. અને પછી એનો દોષ જમીન પ્રાપ્તિ પર ઢોળ્યો છે. આમાં એક લાખ કરોડનું રોકાણ તો ધોલેરા સરમાં છે. જેની પણ રંગીન કથાઓ અખબારોમાં રોજ રોજ આવે છે. અમલની વિગતો તો એથીએ વધુ રોચક છે.

દા.ત. ૨૦૦૭માં ૩૬૩ એમ.ઓ.યુ નું કામ પુરુ થયું.અને ૨૦૦૯માં સૌથી વધુ ૮૮૮૮ એમ.ઓ.યુ પર દસ્તખત થયા પણ રોકાણ બંનેમાં એક લાખ કરોડ રુપીયા આસપાસ થયું અને એમાંય ૨૦૦૭ કરતાં ૨૦૦૯માં રૂ.ત્રણ હજાર કરોડ ઓછું એમ.ઓ.યુ. ચોવીસ ગણા વધુ પણ રોકાણ ઓછું.

ભલે કબુલ ન કરાય, ભલે કારણો બીજા અપાય પણ એટલે જ કદાચ ૨૦૧૩ની વાઈબ્રન્ટ ગુજરાત સમીટમાં એમ.ઓ.યુને બદલે ધ્યાન જ્ઞાન,વિજ્ઞાનની હેરીફેરી પર કેન્દ્રીત કરવાનો નિર્ણય કરાયો છે. જેનો આરંભ કે અંત રૂપિયા આના પાઈમાં આ રીતે કોઈનાથી થઈ શકશે નહી.ગીજુભાઈ બધેકાની એક બાળ વાર્તા યાદ આવી ગઈ. વાર્તાનું નામ હતું 'નવે નાકે દિવાળી 'આ પ્રયાસ, આ હાઈપ અને જબરજસ્ત પ્રચાર પછી હમણાં ગુજરાતનો લાંબા હિસાબ જાણવા મળ્યો છે.આ છે એપ્રિલ ૧૯૯૫ થી માર્ચ ૨૦૦૯ના ચૌદ વર્ષનો પ્રોજેક્ટ અને રૂપિયામાં થયેલા રોકાણનો આ હિસાબ છે. આ પ્રમાણે થયેલા રોકાણોની બાબતે ગુજરાત ભારતમાં પ્રથમ નથી પણ ઠીક એવું પાછળ છે.વધુમાં છેલ્લા દસ વરસમાં ગુજરાતમાં ત્રણસો જેટલા મોટા પ્રોજેક્ટ પડતા મુકાયા છે એવી માહિતી પણ બહાર આવી છે.

બરાબર હાલની સમીટની સંધ્યાએ દિલ્હીમાં રાષ્ટ્રીય વિકાસ કાઉન્સીલની બેઠક મળી છે. જેમાં ભારતના વિકાસના ઈતિહાસની એક નવી આશ્ચર્યકારક બાબત બહાર આવી છે. આયોજન પંચની પરિભાષામાં આર્થિક, સામાજિક વિકાસમાં કાયમ પછાત રાજ્યોને ' બિમારુ રાજ્યો' કહેવાતાં હતા, બિમારુ એટલે બિહાર, મ.પ્રદેશ, રાજસ્થાન,અને ઉ.પ્ર. કેટલાંક પશ્ચિમી અર્થશાસ્ત્રીઓ આને કાઉ વિસ્તાર કહેતા.૨૦૦૧-૦૨ થી ૨૦૦૫-૦૬ ના વરસોની તુલનામાં ૨૦૦૬-૨૦૧૧ વરસોમાં આ રાજ્યોના કુલ ઘરગથ્થું(જીડીપી) ઉત્પાદનમાં ઘણો વધારો નોધાયો છે.અને આ રાજ્યોના જીડીપીમાં મહારાષ્ટ્ર,તામિલનાડુ,હરિયાણા અને ગુજરાત જેવા સમૃધ્ધ રાજ્યો કરતાં વધુ વધારો નોધાયો છે.દા.ત. બિહારના અગાઉનો વધારો પુરા ત્રણ ટકા પણ નહોતો તે હવે ૧૦.૯ ટકા જેટલો થયો છે.મ.પ્ર.નો જીડીપી સાડા ચાર ટકામાંથી સાડા સાત ટકા પર પહોચવા આવ્યો છે.

રાષ્ટ્રીય વિકાસ કાઉન્સીલની બેઠકમાં આયોજન પંચે સત્તર મોટાં રાજ્યોનું જીડીપી વધારાનું જે પત્રક આપ્યું છે.એમાં તો ગુજરાત જ એક એવુ રાજ્ય છે જેનો આ વિકાસદર અગિયાર ટકામાંથી ઘટીને ૨૦૦૬-૦૭ અને ૨૦૧૦-૧૧ના ગાળામાં ઘટીને ૯.૩ ટકા થયો છે. એવી જ રીતે બિમારુ રાજ્યોના તાજાતર આવા વધારાની સરખામણીમાં કેટલાક પંજાબ જેવા એક સમયના સમૃધ્ધ રાજ્યો વિકાસ ધીમો પડતો દેખાયો છે. કોઈ બિમારુ રાજ્યોએ, આવા પ્રકારની વાઈબ્રન્ટ સમીટ ગોઠવી માત્ર ભારતના ટાટા,અંબાણી, બિરલા, અદાણી જેવા ઉદ્યોગગૃહો જ નહિ બલકે બ્રિટન,અમેરિકા કે ચીન જેવા દેશોને એમના રાજ્યમાં મુડી રોકાણ માટે આકર્ષવા પ્રયાસ કર્યો નથી.

આવા ઓછા વિકાસ વધારાએ એશીંના દાયકામાં ડેમોગ્રાફર આશિષ બોઝે આ રાજ્યોને બિમારુ ઉપનામ આ રાજ્યો સાથે જોડેલું, એ રાજ્યો બે દાયકા પછી આપમેળે બીજા રાજ્યોથી કાં તો આગળ નીકળી ગયાં છે કે પછી બરોબરીયા બની ગયાં છે. દ્વિભાષી મુંબઈના વિશાળ રાજ્યમાંથી ગુજરાતે પોતાનું પ્રમાણમાં નાનું અલગ રાજ્ય માંગ્યું ત્યારે એની આર્થિક ટકાઉપણા વિશે સવાલો ઉઠાવાયેલા એ માન્યતા પણ નવા રચાયેલા નાના રાજ્યોએ કરેલા ઝડી વિકાસે ખોટી પાડી છે. ભારત જેનો આર્થિક વિકાસદરને એક જમાનામાં પશ્ચિમી અર્થશાસ્ત્રીઓ હિન્દુ વિકાસ દર કહેતા હતા એ જ હવે ભારતને ઝડપી વિકસતી આર્થિક મહાસત્તા તરીકે જોઈ રહ્યા છે.

વિકાસ પ્રચાર કે મીડીયાની પ્રશંસાથી કે એમના દ્વારા અપાતાં ક્રમાંકથી નહિ પણ જનતાના પરિશ્રમ અને નીત નવાં સાહસ કરવાની આદત અને ઉમંગ પર અવલંબે છે.

લેખક : સનત મહેતા
(ગુ.રાજયના પુર્વ નાણામંત્રી)
(સૌ.દિ.ભા.)

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫
૯૭૨૩૩૩૨૩૯૬

# ગૌરવના ગગનમાં ઊંચી ઉડાન

# ગુજરાત બન્યું દેશની શાન

## શાંતિ, એકતા અને વિકાસ
## છ કરોડ ગુજરાતીઓને આભારી

## રાજકીય સ્થિરતા અને જન વિશ્વાસ માટે
## અમારી સરકાર
## છ કરોડ ગુજરાતીઓની આભારી

## આવો,સૌ સહયાત્રી બનીએ
## ભવ્ય ગુજરાતના નિર્માણમાં
## સુશાસનથી સુરાજ્યની વિકાસયાત્રામાં

## ગણતંત્ર પર્વે સૌને હાર્દિક શુભકામનાઓ



નરેન્દ્ર મોદી,
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

**૬૪મું પ્રજાસત્તાક પર્વ**
**દંડકારણ્ય પ્રદેશ ડાંગમાં**

**સૌનો સાથે, સૌનો વિકાસ**



Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official, www.twitter.com/infogujarat

# ગાંધીજી અને ખ્રિસ્તી ધર્મ

૩૦મી જાન્યુઆરી 'ગાંધી નિર્વાણ દિન' છે એ નિમિત્તે ગાંધીજીના ખ્રિસ્તી ધર્મ વિશેના કેટલાક વિચારો જાણીએ તો બહુધર્મી આપણા ભારત દેશમાં અને આપણા ગુજરાતમાં સર્વધર્મ સમભાવ,સામાજિક સંવાદિતા,ભાઈચારો ને એકતા કે જે ભગવાન ઈસુના ઉપદેશનું હાર્દ છે તે પ્રસારવામાં બહુ ઉપયોગી થઈ પડશે એવી મારી દૃઢ માન્યતા અને દીર્ઘ અનુભવ છે. એક બ્રિટિશ દંપતિ(પોલાક દંપતિ)ગાંધીજી સાથે કુટુંબીજન તરીકે દ.આફ્રિકામાં રહેલાં અને તેમણે ગાંધીજીની હિંદીઓને ન્યાય મળે એ માટે ઉપાડેલી લડતમાં ઘણો ફાળો આપેલો ને મહત્વની ભુમિકા ભજવી હતી. શ્રીમતી મિલી ગ્રેહામ પોલાકે ગાંધીજી સાથે ગાળેલા વર્ષોના સુખદ સંભારણા ને સુખદ અનુભવોનું 'મિ.ગાંધી : ધ મેન 'નામની પુસ્તિકામાં સુંદર ભાવવાહી આલેખન કર્યું છે. નીચેના અવતરણોમાં એની એક ઝલક રજુ કરતાં આનંદ અનુભવું છું.

'ગાંધીજી ખ્રિસ્તી છે ? 'જોહાનિસબર્ગમાં મારે પહેલે ઘેર મળવા આવનાર એક મહિલાએ પુછ્યું. 'ખ્રિસ્તી એટલે ખ્રિસ્તી ધર્મમાં વિધિપુર્વક દાખલ થયેલા ? ' કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશને માનનાર? ક્યા અર્થમાં તમે પુછો છો ? મે સામેથી પુછ્યું.

' ધર્માંતર કરીને ખ્રિસ્તી બનેલા જ તો 'પેલી બહેને કહ્યું. 'મને લાગ્યું ને મે સાંભળ્યું પણ છે કે ગાંધીજી જન્મે ખ્રિસ્તી છે. ખરી વાત? '

' ના રે! મે જોરથી કહ્યું, હું તો જાણું છું કે તેઓ જન્મે ખ્રિસ્તી નથી, તેમ ખ્રિસ્તી ધર્મમાં સામેલ પણ થયા નથી, પણ તમે આ સવાલ શા સારુ પુછો છો ' થોડા દહાડા પર હું એમને વિશે કેટલીક બહેનપણીઓ સાથે વાત કરતી હતી.એમને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રો આટલાં સરસ આવડે છે, ને ઈસુ ખ્રિસ્તના વચનો ટાંકવાનો શોક લાગે છે, એનું અમે કૌતુક રતાં હતા, ને એનું કારણ શું હશે એનો વિચાર કરતાં હતા. મારી બહેનપણીઓને લાગ્યું કે ગાંધીજી ખ્રિસ્તી હોવા જોઈએ'

એ બહેનના ગયા પછી મે એના શબ્દો પર વિચાર કર્યો. વાત સાવ સાચી હતી. ગાંધીજી ઈસુના વચન અને ઉપદેસ ઘણી વાર ટાંકી બતાવતા હતા.ઈસુના ગિરિપ્રવચનમાં સમાયેલો ઉપદેશ એમના મનમાં રમી રહેલો લાગતો હતો, ને એમાંથી એમને માર્ગદર્શન અને પ્રેરણા મળતાં. આ વસ્તુ મને વિચિત્ર લાગી નહોતી, કેમકે વિલાયતમાં મારા કુટુંબમાં મે વાતચીતમાં બાઈબના વચનો બોલાતાં એટલા બધી સાંભળેલા કે એ સાવ મામુલી વાત લાગતી હતી. એટલે એક હિંદુના મોમાંથી ઈસુના વચનો ઉચ્ચારાતાં સંભળાય એ વિચિત્ર લાગે ખરું, એ મારા ધ્યાનમાં આજ સુધી આવ્યું નહોતું. મે મનમાં ને મનમાં અનેક વાતો યાદ કરી અને શહેરમાં ગાધીજીની ઓફીસ હતી તેનો વિચાર કરી જોયો.એમના ટેબલની ઉપરના ભાગમાં ઈસુની મુખાકૃતિનું સુંદર ચિત્ર ટાંગેલું હતું, તે મને યાદ આવ્યું. એ ચિત્ર મેં પહેલી વાર જોયું ત્યારે ગાંધીજીને કહેલું 'વાહ ! કેટલું સુંદર છે !'

મને એ પણ યાદ આવ્યું કે એમની ઓફિસમાં બુધ્ધ અને કૃષ્ણની છબિ નહોતી. ભીંત પર બીજી ત્રણ છબિઓ હતા. એને વિશેની વિગતો થોડા વખત પછી મારા જાણવામાં આવી. એક છબિ હિંદના મહાન સમાજસુધારક ન્યાયમુર્તિ રાનડેની હતી,બીજી દીનદલિતોના સદાના ભેરુ અને અન્યાયના શત્રુ મિસિસ બેસન્ટની હતી. ત્રીજી છબિ' ઈમ્પીરીયલ ગેઝીટીયર ઓફ ઈન્ડીયા'ના સંપાદક સર વિલિયમ વિલ્સન હંટરની હતી. તેમણે હિંદીઓની ગિરમિટ સામે લંડનના 'ટાઈમ્સ'પત્રમાં ઘણું સખત લખાણ કર્યું હતું,ને એ પ્રથાને અર્ધગુલામી કહી હતી.આ ઉપરાંત ઘેર 'હિંદના દાદા', દાદાભાઈ નવરોજીની એક મોટી છબિ હતી.તેમણે ખોબા જેટલા હિંદી ને યુરોપીયન મિત્રોની સાથે મળીને હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કરી હતી. દાદાભાઈ પ્રગતિશીલ ને દીર્ઘદર્શી દેશનેતા હતા. આ બધી છબિઓ જેઓ પીડીતોની મુક્તિ માટે લડી રહ્યા હતા ને તેથી જેમને વિશે ગાંધીજીના મનમાં પ્રેમ અને આદર હતો તેવાની હતી.પણ એમની ઓફિસના ઓરડાના મધ્ય ભાગમાં, જાણે તેમના પર રાજ્ય ચલાવી રહી હોય એવી રીતે, ગાંધીજી ટેબલ પર બેસીને કામ કરે ત્યારે શાંતિથી તેમના પર દૃષ્ટિપાત કરતી છબિ તો ઈસુની મુખાકૃતિની હતી.

તે દિવસે ગાંધીજી ઘેર આવ્યા ત્યારે મે બપોરે પેલી બહેનની સાથે મારે થયેલા સંવાદની વાત એમને કરી. તેઓ સહજ હસ્યા. તેમણે કહ્યું 'એક કાળે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાનો વિચાર કરી રહ્યો હતો એ સાચું. ઈસુની મુખાકૃતિ કેટલી સૌમ્ય,કેટલી શાંત, કેટલી દયાવાન, કેટલી પ્રેમાળ,કેટલી ક્ષમાશીલ છે! આપણને કોઈ ગાળ દે કે તમાચો મારે ત્યારે ગાળ કે તમાચાથી જવાબન દેતા બીજો ગાલ ધરવાનો ઉપદેશ તેમણે તેમના અનુયાયીઓને કર્યો ત્યારે એમના હૃદયમાં કેટલી ક્ષમા છલકાતી હશે ! મને થયું કે પુર્ણ મનુષ્ય કેવો હોય એનું આ એક સુંદર દૃષ્ટાંત છે.'

મે પુછ્યું : 'પણ તમે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરેલો નહી ? '

'ના 'જરાક વિચાર કરીને તેઓ બોલ્યા,'મે કેટલોક વખત તમારા ધર્મશાસ્ત્રો વાંચ્યા.તેના પર ઊંડો વિચાર પણ કર્યો,ખ્રિસ્તી ધર્મ મને ઘણોજ આકર્ષક લાગ્યો, પણ આખરે હું એવા નિર્ણય પર આવ્યો કે તમારા ધર્મશાસ્ત્રમાં ખરેખર એવું કશું નથી જે અમારા પોતાના શાસ્ત્રોમાં પણ ન હોય.અને જો હું સારો હિંદુ બનું તો એનો અર્થ એ પણ થાય કે સારો ખ્રિસ્તી બન્યો છું.ઈસુના ઉપદેશની સુંદરતા સમજવાને કે તેમના દૃષ્ટાંતનું અનુકરણ કરવાને તમારા ધર્મસંઘમાં જોડાવાની જરુર છે એમ મને ન લાગ્યું. '

ગાંધીજી ઈસુના દૃષ્ટાંતનું અનુકરણ કરવાનો કેટલો તનતોડ પ્રયત્ન કરી રહ્યા હતા એનો વિચાર કરતાં મને થયું કે તેઓ કહે છે તે વાત સાચી છે.

મે કહ્યું : 'બેશક માણસ ક્યા નામની છાપ પોતાને લગાડે છે એ નહી,પણ તે પોતે મનથી કેવો છે ને કેવું આચરણ કરે છે એ મહત્વની વસ્તુ છે પણ મને કહો કે માણસે એક ધર્મ છોડીને બીજા ધર્મમાં જવું જોઈએ - એટલે કે ધર્માંતર કરવું જોઈએ- એમ તમે માનો છો ખરા ? '

તેમણે પુછ્યું : ' તમને પોતાને શું લાગે છે ? '

મે કહ્યું : 'કોણ જાણે કેમ પણ મને એ ગમતું નથી. મારાથી તો એવું ધર્માંતર ન કરી શકાય'

' મને લાગે છે એ બરાબર છે. માણસ જો પોતાના ધર્મનું હાર્દ પકડી શકે તો તેણે બીજા ધર્મનું હાર્દ પકડયું ગણાય,ઈશ્વર એક છે, પણ તેને પહોચવાના રસ્તા ઘણા છે. '

હિંદુસ્તાનમાં ચાલતા જાતિભેદ વિશે મે જે વાતો સાંભળેલી તે મને યાદ આવી. હિંદુ ધર્મ અને ભ્રાતૃત્વ બેનો સંયોગ કેમ હોય એ વિશે મને શંકા હતી. થોડીક વાર થંભીને મે કહ્યું :

' તમે શું એમ માનો છો કે ખ્રિસ્તી ધર્મની પેઠે હિંદુ ધર્મ પણ એમ શીખવે છે કે માણસમાત્ર ભાઈ ભાઈ છે ? '

'કોઈ પણ ધર્મના સિધ્ધાંતોના જે અધુરા અર્થો માણસો ઘટાવે છે તે જ એ ધર્મનું સાચું શિક્ષણ છે એમ ન માની લેવું જોઈએ. ખ્રિસ્તી જગત આજે ભાઈ ભાઈની પેઠે રહે છે એમ તમે મને નહી કહોને, કે કહેશો ? એ જગતમાં કેટલી લડાઈઓ, કેટલાં વેરઝેર, કેટલી નિર્ધનતા ને કેટલા ગુના ચાલી રહ્યા છે તેનો વિચાર કરો ! '

' એ સાચુ, હું માનું છું કે માણસજાતના આદર્શો તેના આચરણથી ઘણા આગળ પહોચેલા હોય છે.અને દુનિયાના કોઈ પણ ભાગમાં જુઓ તો સ્ત્રી-પુરુષો લગભગ એક સરખાં જોવામાં આવે છે. '

'આપણે આદર્શો પ્રાપ્ત કરી શકીએ તો એ આદર્શ ન રહે.પછી આપણે કશાની પ્રાપ્તિ માટે પુરષાર્થ કરવાનો ન રહે. '

(મિ.ગાંધી : ધ મેન માં લેખિકા શ્રીમતી મીલી પોલાક)

પ્રેષક : ફાધર વિલિયમ ( રિશ્તા)
ગાંધીજી અને ખ્રિસ્તી ધર્મ

# સુદાનમાંથી ૨૩૦૦ ખ્રિસ્તીઓને બાર્નાબાસ ફંડે સલામત સ્થળાંતર કરાવ્યું

ચાર મહિનાથી શરુ કરાયેલા સ્થળાંતરમાં બાર્નાબાસ ફંડ દ્વારા સુદાનમાં વસતા ખ્રિસ્તીઓને સલામત રીતે ખસેડાયા હતા.સ્થળાંતર કરવાનો હેતુ એ છે કે અહીયા મુસ્લીમોની વસતી બહુમતીમાં છે અને તેઓના દ્વારા ખ્રિસ્તીઓની ખુબજ મોટા પ્રમાણમાં સતાવણી કરવામાં આવી રહી છે.સાઉથ સુદાને ૨૦૧૧માં સ્વતંત્રતા મળ્યા બાદ સાઉથ સુદાનમાં વસતા ખ્રિસ્તીઓએ તેમના નાગરિકી અધિકારો ગુમાવ્યા છે અને તેમને અહીયાંથી સ્થળાંતર કરવા માટે મજબુર કરવામાં આવી રહ્યા છે.સુદાનીસ પ્રેસિડેન્ટ ઓમર-અલ- બસીરે જણાવ્યું હતું કે તેઓ ઈસ્લામીક બંધારણ અને શરીયા કાયદાને વધારે મજબુત કરવા માંગે છે.બાર્નાબાસ સ્થળાંતર પ્રોગ્રામ પ્રમાણે સાઉથ સુદાનમાં ખ્રિસ્તીઓની વસતી વધારે છે.હજુ બીજા ૧૫૦૦ લોકોને સ્થળાંતર કરવામાં મદદ કરવામાં આવશે.

ડો.પેટ્રીક સુખદેવ, ઈન્ટરનેશનલ ડાયરેકટર ઓફ બાર્નાબાસ ફંડ દ્વારા જણાવાયું હતું કે અમારા આ સ્થળાંતર કાર્યક્રમમાં ઈશ્વર તરફથી અજાયબ મદદ મળી રહી છે.જો કે આ કાર્યમાં ઘણી બધી રુકાવટો અને મુશ્કેલીઓ આવે છે.પરંતુ દરેક વખતે ઈશ્વરે અમારા માટે માર્ગો ખોલ્યા છે.જે અમારા માટે અકલ્પનીય છે.અમો ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે હજુ ઘણા બધા ખ્રિસ્તી ભાઈઓ-બહેનો અને બાળકો ત્યાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેમને સલામત રીતે ખસેડવામાં આવે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.